જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૨/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૨૨૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૦૬ લીટર દેશી દારૂ, ૦૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૭,૬૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૨૨૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૨૨૮/૨૦૨૬**

પાલડીઃ (૧) દિનેશભાઈ રતિલાલ શાહ (ઉ.વ.૬૮) (રહે. હરીતારા સીડેન્સી દહીસર રેલવે સ્ટેશન દહીસર પશ્ચિમ મુંબઈ) એ તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૨/૨૦૨૬ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે મણીનગર રેલવે સ્ટેશનથી મહાલક્ષ્મી ચાર રસ્તા સુધીની શટલ ઓટોરિક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક તથા રીક્ષામાં બેસેલ બે પુરૂષોએ દિનેશભાઈ શાહની નજર ચુકવી બેગમાંથી ત્રણ પાઉચ ચોરી કરી લીધા હતા. જે પાઉચમાં સોના–ચાંદીના દાગીના તેમજ રોકડ રૂપિયા ૧૮,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૫૦,૦૦૦/– મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.પી.વાળા ચલાવે છે.

પાલડીઃ (૨) લક્ષ્મણભાઇ ઘનજીભાઇ માલી (રહે.નિરવ પેલેસ હાઇ–વે મોલ સામે ચાંદખેડા) એ તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૨/૨૦૨૬ કલાક ૧/૩૦ થી કલાક ૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પાલડી સુવિધા ચાર રસ્તા પાસે આવેલ શાન્તમ રેસીડેન્સીના પાર્કીંગમાંથી (૧) કાસાની થાળી નંગ–૮૨ (૨) કાસાના ગ્લાસ નંગ–૨૬ (૩) કાસાની વાટકી નંગ–૨૦ મળી કિમત રૂપિયા ૪૫,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી નિલમબહેન જયસુખભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૨૨૯/૨૦૨૬**

બોડકદેવઃ થલતેજ અંબીકાનગર રૂમ નંબર–૯ ખાતે રહેતા સોનામણી વા/ઓ મિથુન વૈરાગી (ઉ.વ.૩૦) (મુળ વતન. ચારમનીનગર, બર્ધમાન વેસ્ટ બંગાળ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૨/૨૦૨૬ કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી છત્રસિંહ રામભા ચલાવે છે.

સરખેજઃ સાક્ષી વા/ઓ કિશનભાઈ ભરવાડ (ઉ.વ.૨૧) (રહે. દેવશેરી ભરવાડવાસ શક્તિમાતાના મંદિર પાસે સરખેજ ગામ સરખેજ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૨/૨૦૨૬ કલાક ૦૨/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસિડ પી લીધું હતું. સારવાર માટે તેમને સરખેજ શ્રેય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન કલાક ૦૫/૧૫ વાગે મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "એમ" ડિવીઝન ચલાવે છે.

વેજલપુરઃ સાહીલ સ/ઓ અબ્દુલરસીદ અંસારી (ઉ.વ.૧૮) (રહે. એફ.એમ.રેસિડેન્સી અંસારી ફાર્મની ગલીમા આર.સી.સી.રોડ ફતેહવાડી કેનાલ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૨/૨૦૨૬ બપોરના ૦૩/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.પુ.મ.સ.ઇ.શ્રી કિજલબહેન ઉદયભાઈ ચલાવે છે.

અમરાઈવાડીઃ પ્રશાંતભાઈ નરેન્દ્રભાઈ ચિરંદાસ (ઉ.વ.૩૭) (રહે. અશ્વમેઘ સોસાયટી નાગરવેલ હનુમાન મંદીર અમરાઈવાડી) એ બિમારીથી કંટાળી તા.૧૩/૦૨/૨૦૨૬ કલાક ૯/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતમાં હિંચકાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેષભાઇ ગોવિંદભાઇ ચલાવે છે.

કૃષ્ણનગરઃ વનિતાબહેન ડો/ઓ રમેશભાઇ વાઘેલા (ઉ.વ.૨૨) (રહે. ચામુંડાની ચાલી હિરાવાડી બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ સામે ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૨/૨૦૨૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.ચૌહાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી